જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૧/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૮૮૩/૧૪**

**“ ફોર વ્હીલ વાહનોના કાચ તોડી તેમાંથી ચોરી કરતી છારા ગેંગ નો વોન્ટેડ સાગરીત દિપકભાઇઇન્દ્રેકર ને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર”**

અમદાવાદ શહેરમાં વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારુ નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબ ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓની સુચના હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણાનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાંન કુબેરનગર છારાનગર સીયા પીયા હોટલ ખાતેથી હેડ કોન્સ.હર્ષદભાઇ મનોહરભાઇ નાઓની બાતમી હકિકત આધારે આરોપી દિપકભાઇ S/o ભીખાભાઇ ઇન્દ્રેકર રહે.માચીસ ગલી, બંગલા એરીયા, સીયા-પીયા હોટલની સામે ની ગલીમાં, છારાનગર, કુબેરનગર, અમદાવાદ શહેર નાને CRPC કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.સદર આરોપી માધવપુરા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૯/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ તથા માધવપુરા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૩૪/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ તથા એલીસબ્રિજ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૫૮/૨૦૧૪ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ ના ગુન્હાઓમાં વોન્ટેડ છે જેની વધુ પુછપરછ દરમ્યાન તે અગાઉ ચેઇન સ્નેચીંગ, લુંટ તથા ફોર વ્હીલ વાહનોના કાચ તોડી ચોરીના ગુન્હામાં અમદાવાદ શહેરના ઓઢવ, ગુજરાત યુનિવૅસીટી નરોડા, વસ્ત્રાપુર, સરદારનગર, નારણપુરા, ચાંદખેડા તથા માધવપુરા પોલીસ સ્ટેશનો માં પકડાયેલ છે અને બે વખત પાસા હેઠળ જેલ પણ ભોગવેલ છે વધુ પુછપરછ ચાલુ છે.

**વટવા પો. સ્ટે.**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૩૨૨/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૩૬૩, ૩૬૬ તથા ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેંન્સી એક્ટ ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબના ગુનાના કામે આરોપી મોહમદહસન અબ્બાસઅલી અંસારી ઉ.વ.૨૧ ધંધો.સિલાઇકામ રહે.મ.નં. ૧૪૮ અલકુબા સોસાયટી બેદ્જી કોમ્પલેક્ષ પાસે કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાને ઉપરોકત ગુનાના કામે અમોએ તા.૨૩/૧૧/૨૦૧૪ ના કલાક ૧૬/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**" રીઢા વાહન ચોર શૈલેષ મકવાણાને ચોરીની બે ઓટો રીક્ષા અને એક મોટર સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા માટે નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને કોમ્બીંગ નાઇટ દરમ્યાન ક્રાઇમ બ્રાન્ચના પો.ઇન્સ.શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અમરાઇવાડી પોસ્ટ ઓફિસ ચાર રસ્તા ખાતે પો.કોન્સ. રામનરેશ રામદાસ નાઆને મળેલ બાતમી આધારે આરોપી શૈલેષભાઇ S/o શનાભાઇ મકવાણા ઉવ.૨૪ રહેઃ ૧૪, જય અંબેનગર, નવી સરદારજીની ચાલી, સ્મશાન ગ્રુહની સામે, હાટકેશ્વર, અમદાવાદ શહેરનાને ચોરીની ઓટો રીક્ષા નંબર GJ-01-BY-1128 ની સાથે ઝડપી લઇ પોલીસ ઇન્સ્પેકટરશ્રી આર.બી.રાણા નાઓએ આરોપીની સઘન પુછપરછ કરતા આરોપીએ અમરાઇવાડી હાટકેશ્વર વિસ્તારમાંથી ઓટો રીક્ષા નંબર GJ-01-BY-9079 ની તથા હોન્ડા કંપનીનુ નિયો ડ્રીમ યુગા મોટર સાયકલ નંબર GJ-27-AC-8013 ની ચોરી કરી હેરવી ફેરવી બિનવારસી મુકી દિધેલ હોય જે બન્ને વાહનો તપાસ અર્થે કબ્જે કરી અમરાઇવાડી પો.સ્ટે.ના ત્રણ ગુન્હાઓ ડીટેકટ કરી કુલ્લે રૂ.૯૦,૦૦૦/- નો મુદ્દામાલ રીકવર કરેલ છે. સદર આરોપી અગાઉ અમરાઇવાડી પો.સ્ટે.ના વાહન ચોરીના ગુન્હામાં પકડાયેલ છે. અને બીજા વાહન ચોરીના ગુન્હાઓ અંગે પુછપરછ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.